બાળકો અને નવયુવાનો માટે

# હાદી

માસિક

શાબાન હી.સ.૧૪૩૩, જુલાઈ - ૨૦૧૨

અંક ૪૫




રૂા. 30/-






# જન્નતમાં લઈ જાય તેવા કાર્યો

જે કાર્યો કરવાથી અને તેવા ગુણ પોતાનામાં પેદા કરવાથી મનુષ્ય જન્નતમાં જઈ શકે છે તે કાર્યો અને ગુણો કુરઆને મજીદમાં અસંખ્ય જગ્યાઓએ દર્શાવવામાં આવ્યા છે. આવો, આજે આપની જ્ઞાન વૃદ્ધિ માટે અને આપ તે ગુણો પોતાની જાતમાં ઉતારવાનો પ્રયત્ન કરી શકો તે માટે તેમનું વર્ણન અમે કરી રહ્યા છીએ.

| ક્રમ | કાર્ય/ગુણ | સૂરો | આયત |
|---|---|---|---|
| ૧ | ઈમાન અને સદકાર્યો (નેક આઅમાલ) | બકરાહ | ૮૨ |
| ૨ | પરહેઝગારી (ગુનાહોથી દૂર રહેવું તે) | મરયમ | ૬૩ |
| ૩ | ઉપકાર અને નેકચરિત્ર | માએદાહ | ૮૫ |
| ૪ | જિહાદ અને શહાદત (જ્યારે પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે) | તૌબાહ | ૧૧ |
| ૫ | ભોગ-વિલાસનો ત્યાગ | નાઝેઆત | ૪૦-૪૧ |
| ૬ | ઈમાન લાવવામાં પહેલ કરવી તે | વાકેઆ | ૧૦ |


E-mail : hadimasik@yahoo.com

| | | | |
|---|---|---|---|
| ૭ | વતનમાંથી પ્રસ્થાન (હિજરત) અને જિહાદ | તૌબાહ | ૨૦ થી ૨૪ |
| ૮ | મુસીબતો આવે ત્યારે ધીરજ રાખવી અને સહનશીલતા | દહર | ૧૨ |
| ૯ | (અલ્લાહે ચીંધેલા) સત્યના માર્ગ ઉપર ઈમાન અને તેના ઉપર દ્રઢતાથી કાયમ રહેવું તે | અહકાફ | ૧૩+૧૪ |
| ૧૦ | ખુદા અને (તેના) રસૂલનું આજ્ઞાપાલન | નિસાઅ | ૧૩ |
| ૧૧ | (કાર્યો અને ઈમાનમાં) નિખાલસતા | સાફાલ | ૩૯ થી ૪૩ |
| ૧૨ | સત્યનિષ્ઠા અને સચ્ચાઈ | માએદાહ | ૧૧૯ |
| ૧૩ | આત્મશુધ્ધિ | તાહા | ૭૫-૭૬ |
| ૧૪ | ખુદાના માર્ગે પોતાના માલને વાપરવો અને પોતાના ગુનાહોની ક્ષમાયાચના કરવી તે | ઈમરાન | ૧૩૩ થી |
| ૧૫ | ખુદાથી ડરવું-ખુદાની બીક રાખવી તે | રહમાન | ૧૩૬ |
| ૧૬ | ખુદાની ઉપર ભરોસો રાખવો અને ખુદાએ જે બાબતો અંગે મનાઈ ફરમાવી છે તે પ્રત્યે પોતાના મનમાં ધિક્કારની લાગણી રાખવી તે | મુજોદેલા | ૨૬ |
| ૧૭ | નમાઝની ખાસ કાળજી લેવી તે | મઆરિજ | ૨૨ થી ૨૪ |

શાબાન હીજરી સન ૧૪૩૩,
જુલાઈ - ૨૦૧૨

بسم الله الرحمن الرحيم

મારા વહાલા બાળકો ! સલામુન - અલયકુમ !

આ માસમાં આપણા મૌલા અને આકા હઝરત સાહિબુઝઝમાન મહદી અ.સ.નો પુણ્યશાળી જન્મ (વિલાદત બા સઆદત) થયો હતો. તેથી જ આ તારીખ આપણા માટે ઘણી મોટી ખુશાલીની તારીખ છે. અને હા, બાળકો ! એ વાત પણ જાણી લો, શબેબરાત જે ખુશાલીની તારીખ છે તેનું એક કારણ એ પણ છે કે આપણા વહાલા રસૂલ સ.અ.વ.ને ખુદાવન્દે આલમે ઈસ્લામ અને મુસલમાનોના શત્રુઓ-કાફરોથી દુર રહેવાની સ્પષ્ટ જાહેરાત કરાવી દીધી હતી. અરબી ભાષામાં ''બરાઅત''નો અર્થ થાય છે ''દૂર રહેવું''. અને વહાલા બાળકો! એ પણ ભૂલતા નહીં કે આ માસની શરૂઆતના દિવસોમાં ૩જી શાબાનના દિવસે આપણા ત્રીજા ઈમામ-ઈમામ હુસૈન અ.સ. અને પાચંમી શાબાનના દિવસે મૌલા અબ્બાસ અ.સ.ની પણ વિલાદતો થયેલી છે.

એટલે કે આ માસમાં મહત્વની ખુશાલી મનાવવાની તારીખો છે. આપણે આ તારીખોએ ખુબ ખુબ ખુશાલીઓ મનાવવી જોઈએ અને આપણા અઈમ્મા અ.સ. વિષે એકબીજાને જાણકારી આપવી જોઈએ અને એકબીજા પાસેથી જાણકારી મેળવવી જોઈએ. દુઆઓ કરવી જોઈએ.

હા બાળકો ! ખુશાલીના દિવસે ખરા દિલથી કરેલી દુઆ કબુલ થાય જ છે. તો મિત્રો - પોતાના માટે, પોતાના કુટુંબીજનો માટે, પોતાના મિત્રો માટે અને હા, આપના આ હાદી માસિક માટે પણ જરૂર જરૂર દુઆઓ કરજો.

વસ્સલામ...

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં
ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં
મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી
કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર
સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી
અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)
શુષોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in
વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com
ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org

વાર્ષિક લવાજમ
રૂા. ૩૦૦/-

# પ્રશ્ન અને જવાબ

**પ્રશ્ન : માણસ કેવી રીતે હકીકતોને ખરેખર રીતેજોઈ શકે છે ?**

જવાબ : કુરઆન મજીદ ફરમાવે છે "તકવાએ ઈલાહી અપનાવો. (એટલે કે અલ્લાહથી ડરો) ખુદાવન્દે આલમ તમને હકીકતોની જાણકારી અતા ફરમાવશે. (સૂરએ-બકરાહ-આ. ૨૪૨)"

તકવાનો અર્થ "બુરાઈઓ અને ગુનાહના કાર્યોથી દૂર રહેવું" તેવો જ થાય છે તેથી જે લોકો બુરાઈઓ અને ગુનાહના કાર્યોમાં રચ્યા પચ્યાં રહે છે તેઓ ઘણી બધી હકીકતોથી અજાણ હોય છે.

મનુષ્ય પોતાની જાતિ - પોતાના સમુહ અને પોતાના કુટુંબ પ્રત્યેના પક્ષપાતી વલણને અપનાવશે તો ઘણી બધી બાબતોની હકીકત તે જાણી શકશે નહીં. દા.ત. જ્યારે મનુષ્ય લાલ રંગના ચશ્મા પહેરીને જોશે તો તેને દરેક વસ્તુ લાલ દેખાશે - દા.ત. મૂળો તેને ગાજર દેખાશે અને જો કોઈના ચશ્મા લીલા રંગના હશે તો તેને દરેક વસ્તુ લીલા રંગની દેખાશે. તે શેવાળને ઘાસ સમજશે. પરંતુ જો ચશ્મા સાફ હોય - રંગહીન હોય તો મનુષ્યને દરેક વસ્તુ તેની સ્થિતિમાં દેખાશે.

તેવી જ રીતે મનુષ્ય પોતાના મનના ચશ્માને સાફ રાખે - ઠીક ઠીક રાખે, તેમાં કોઈના પ્રત્યે અનુરાગ કે પક્ષપાત ન હોય - તેમાં કોઈ જાતની અશુધ્ધિ ન હોય તો તે ગૂઢ રહસ્યો અને તથ્યોને આત્મસાત કરી લેશે. દ્વેષ અને પક્ષપાતથી ભરેલું મન ગંદા વાસણોની જેમ હોય છે. જો તેમાં સાફ પાણી નાંખવામાં આવે તો તે સાફ પાણી પણ ગંદુ થઈ જશે. ગુનાહ એ ધૂળ ભરેલી હવાનું આવરણ હોય છે, જે મનુષ્યને સત્ય અને હકીકતોને જોવાની બાબતે આંધળો કરી દે છે.



# ઈમામે ઝમાન (અજ.)ના આદરણીય માતા

**નામ અને વંશ :-** આપનું આદરણીય નામ **હઝરત સૈયદા નરજિસ ખાતૂન-બિન્તે-યશુઆ-બિન-કૌસરે રૂમ** હતું અને આપનું વંશ વાચક નામ (કુનીયત) **ઉમ્મે મુહમ્મદ** હતું.

**આપના માતા : જનાબ ઈસા અ.સ.ના સાથીઓ (હવારીઓ) પૈકીના એક સાથીના વંશમાંથી હતાં.**

આપના બીજા નામનો પણ ઉલ્લેખ થયેલો છે દા.ત.

**મલીકાહ - સયકલ - રૈહાના - મરયમ - હકીમા અને ખમન.**

આપ **નરગિસ ખાતૂનના** નામે જ પ્રખ્યાત થયેલા છે અને કદાચ આપના બીજા જે નામોનો ઉલ્લેખ છે તે આપના ગુણોને કારણે બીજાઓએ આપને આપેલા નામો છે જેને અરબી ભાષામાં “વિશેષણ” અથવા “વિશેષણવાચક નામ” તરીકે ગણવામાં આવે છે.

**આપના ફઝાઈલ :** આપની ઘણી ફઝીલતો બયાન ફરમાવવામાં આવી છે તેમાંથી કેટલીક નીચે વર્ણવવામાં આવી છે.

જ્યારે આપ પોતાના વડવાઓના પ્રદેશમાંથી સર્વપ્રથમ વખત ઈમામ અલી નકી અ.સ.ની પુણ્યશાળી સેવામાં હાજર થયા હતાં ત્યારે ઈમામ અ.સ. એ ફરમાવ્યું હતું “હું તમને માન-ઈકરામ આપવા માંગુ છું. આપ આ બે માંથી કઈ વસ્તુ પસંદ કરશો ?”





E-mail : hadimasik@yahoo.com

૧૦ હજાર દીનાર અથવા હંમેશા માટેના માન પ્રતિષ્ઠાની ખુશખબરી - બીબીએ કહ્યું "મને ખુશ ખબર આપો."

ઈમામ અ.સ. એ ફરમાવ્યું "આપને એક એવા ફરઝન્દની ખુશખબર આપવામાં આવે જે આ જગતના પૂર્વ અને પશ્ચિમનો માલિક હશે અને તે આ પૃથ્વીને એટલી હદે ન્યાયથી ભરી દેશે જેટલી હદે તે (પૃથ્વી તે વખતે) અત્યાચાર અને જોરજુલ્મથી ભરેલી હશે."

જ્યારે આપની પધરામણી ઈમામ અલી નકી અ.સ.ના ઘરે થઈ તો ઈમામ અ.સ.એ પોતાના અત્યંત મહાન બહેન જનાબ હકીમા ખાતૂનને બોલવીને આપનો પરિચય કરાવ્યો હતો અને કહ્યું હતું કે હે બિન્તે રસૂલ (સ.અ.વ.) આમને આપ પોતાના ઘરે લઈ જાવ અને કર્તવ્ય (ફરાઈઝ) અને સુન્નતનું શિક્ષણ આપો. આ અબી મુહમ્મદ ઈમામ હસને અસ્કરી અ.સ.ના પત્ની અને કાઈમે આલે મુહમ્મદની માતા છે.

જનાબ હકીમા ખાતુને ઈમામ ઝમાના અ.જ.ની વિલાદતની રાત્રીએ એક વાર્તાલાપમાં આપને પોતાની અને પોતાના કુટુંબની સરદાર તરીકે સંબોધ્યા હતા. આ સાંભળીને જનાબ નરજિસ ખાતૂને પ્રશ્ન કર્યો હતો કે "હે ફુફીજાન (ફોઈ) આ કેવી રીતે હોઈ શકે ? ત્યારે બીબીએ ફરમાવ્યું હતું કે ટુંક સમયમાં જ આજની રાત્રી દરમ્યાન અલ્લાહ તઆલા આપને એક એવો સુપુત્ર આપશે જે જગત અને આખેરતનો સરદાર હશે."



ઈમામે ઝમાના અજ. ની વિલાદત (જન્મ) માટે ખુદાવન્દે આલમે જનાબ નરજિસ ખાતૂનનું એવી જ રીતે રક્ષણ કર્યું હતું જેવી રીતે મુસા અ.સ.ની માતા માટે વ્યવસ્થા કરી હતી અને તે એવી રીતે કે આપની મુબારક કુખ ઉપર

મુબારક નવજાત શિશુ (ના જન્મ કે ગર્ભધારણ)ના કોઈ ચિન્હો દેખાય નહીં અને સમય આવતાં ઈમામ અજ.ની વિલાદત પણ થઈ હતી.

મુહદ્દિસે કુમ્મી (રહ.) એ એક પ્રસંગે લખ્યું છે કે આપ જયારે (ઈમામત) ના પ્રકાશથી સુસજ્જિત થયા અને જયારે આપે તે અત્યંત પવિત્ર નવજાત શિશુનું ગર્ભ ધારણ કર્યું ત્યારે (આપના) નૂર અને પ્રકાશને કારણે આપનું નામ "સયકલ" પડી ગયું હતું.

હઝરત નરજિસ ખાતૂન સલા. એક અત્યંત મહાન વ્યક્તિ અને અલ્લાહને ત્યાં પણ એક અત્યંત ઉચ્ચ અને વિશિષ્ટ સ્થાન ધરાવનાર સન્નારી હતા. આપની ઝિયારતમાં આપની મહાનતાના દર્શન કરાવનાર અનેક વિશેષણો નોંધવામાં આવ્યાં છે આ ઝિયારતમાં આપને સાચાં - અત્યંત પવિત્ર - તકવાવાળા - ખુદાની પ્રસન્નતા મેળવનાર - ખુદાના રહસ્યો ને જાણનાર અને સાચવનાર (અમાનતદાર) મૂસા અ.સ.ના મહાન માતાના તુલ્ય - અલ્લાહની ઝાત ઉપર સંપૂર્ણ શ્રધ્ધા ધરાવનાર - સત્યને જાણનાર તરીકે વર્ણવવામાં આવ્યા છે અને આ ઝિયારતમાંથી આપની ઉપર અને આપના બાપ - દાદા ઉપર ખાસ સલામનો પણ ઉલ્લેખ છે.

આપની ઝાત આપના જીવનકાળમાં અને આપની વફાત પછી પણ તમામ હાજત ધરાવનારાઓ માટે વસીલો અને પરવરદિગારની ઝાત સમક્ષ ગુનાહોને બખ્શવાનો ઝરીઓ છે.

આપની પવિત્ર ઝાતથી અનેક કરામતો અને પ્રસંગો બન્યા છે જે અલ્લાહ-તઆલા પાસે આપના મહાન સ્થાનને જાહેર કરે છે.





E-mail : hadimasik@yahoo.com

# નબી સ.અ.વ.ની શિખામણો
## (બોધ વચનો)



**હે અલી !**

**ચાર બાબતો એવી છે જેની સજા ખૂબ જલ્દીથી મળી જાય છે.**

**(૧) એક એ વ્યક્તિ - જેની સાથે તમે ભલાઈ કરી હોય અને તે તમારી સાથે બુરાઈ કરે.**

**(૨) બીજો એ વ્યક્તિ - જેની સાથે તમે અશિષ્ટાચાર ન કર્યો હોય અને તે તમારી સાથે અશિષ્ટાચાર કરે.**

**(૩) ત્રીજો એ વ્યક્તિ - જેની સાથે તમે કોઈ બાબતે કોઈ કરાર કર્યા હોય - તમે પોતાના કરેલ કરારને પૂરા કરો અને તે વ્યક્તિ તેમાંથી ફરી જાય અને તમારી સાથે દગો કરે.**

**(૪) ચોથો એ વ્યક્તિ - જેને તમે પોતાનો સગો હોવાને કારણે મદદ કરી હોય - સારો વર્તાવ (સિલએ રહમ) કર્યો હોય અને તે તમારી સાથે સંબંધ વિચ્છેદ (કત્અે રહમ) કરે.**





# ઈમામ મહદી અજ. ના શાસનમાં શીઆઓની પરિસ્થિતિ

ઈમામ રિઝા અ.સ. ફરમાવે છે કે "ઈમામ મહદી અજ. મોઅમેનીન માટે કૃપા-દયા (રહેમત) અને કાફરો માટે દુઃખ-કષ્ટ (અઝાબ)નું કારણ થઈને પ્રગટ થશે. (કમાલુદ્દીન-૨/૩૭૬)"

ઈમામ ઝયનુલ આબેદીન અ.સ. ફરમાવે છે કે જ્યારે કાઈમ (ઈમામ મહદી અજ.)નું શાસન આવશે ત્યારે અમારા શીઆઓને થતાં તમામ દુઃખ અને તકલીફો (તેઓ) દૂર કરી દેશે. (બિહાર-પ૨/૩૧૭-પ્રકરણ-૨૭- હદીસ-૧૨)



ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે "જ્યારે અમારા કાઈમ (ઈમામ મહદી અજ.)નું શાસન પ્રસ્થાપિત થશે ત્યારે લોકોના હળીમળીને રહેવાના અને હૃદયથી પણ એકબીજા સાથે જોડાઈને રહેવાના યુગની સ્થાપના થશે. અને કોઈપણ વ્યક્તિ પોતાની જરૂરિયાત પોતાના દીની ભાઈના થેલામાંથી લઈ લેશે. પરંતુ કોઈ તેને (એવું કરતાં) અટકાવશે પણ નહીં (અલ-ઈખ્તેસાસ-પા-૨૬)



E-mail : hadimasik@yahoo.com



ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે જ્યારે અમારા કાઈમ અજ. પ્રગટ થશે તો પોતાના હાથને લોકોના માથે મુકશે. જેથી તેમની બધાની બુધ્ધિ એક થઈ જશે. અને નૈતિક દૃષ્ટિએ તે બધા નૈતિકતાના ચરમબિન્દુ સુધી પહોંચી જશે. (બિહાર-૫૨/૩૩૬-પ્રકરણ-૨૭-હદીસ-૭૧)

ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે - વિદ્યા અને જ્ઞાનની ૨૭ શાખાઓ (પ્રકાર) છે અને અંબિયા ફક્ત વિદ્યા અને જ્ઞાનની બે શાખાઓ જ લાવ્યા છે અને આજ સુધી સમગ્ર માનવજાતિ ફક્ત વિદ્યા અને જ્ઞાનની આ બે શાખાઓથી વધુ જ્ઞાન ધરાવતી નથી જ્યારે અમારો કાઈમ અજ.ના શાસનની સ્થાપના થશે ત્યારે તે જ્ઞાનની બાકીની ૨૫ શાખાઓના જ્ઞાનનો પ્રસાર પણ કરશે અને અગાઉની જ્ઞાનની બે શાખાઓ (ના જ્ઞાન)ને પણ તેની સાથે એક કરી દેશે અને તે રીતે જ્ઞાનની પૂરેપુરી ૨૭ શાખાઓનું જ્ઞાન ફેલાઈ જશે.

(બિહાર-૫૨/૩૩૬-પ્રકરણ-૨૭-હદીસ-૭૩)







હઝરત જનાબે ફાતેમા ઝહેરા (સલા.)ની પુત્રી

# હઝરત જનાબે ઝયનબ (સલા.)

**પિતાનું નામ :** હ. અલી (અ.સ.)

**માતાનું નામ :** જ. ફાતેમા (સ.અ.)

**વિલાદત :** ૧ શાબાન હી.સ. ૬

**શહાદત :** ૭ જમાદીઊલ આખર

**મશહુર નામ :** શરીકતુલ હુસૈન

**નામ અને કુનિયત :** હ. ઝયનબ સ.અ.નું નામ તેમના જન્મના ઘણાં દિવસ પછી પાડવામાં આવ્યું હતું. હ. ઝયનબ સ.અ.ના જન્મના બે-ત્રણ દિવસ પછી હ. સૈયદા ફાતેમા સ.અ. એ હ. અલી. અ.સ. શેરેખુદાને કહ્યું હતું કે, નબી સાહેબ મદીનાની બહાર તશરીફ લઈ ગયા છે. બચ્ચીનું નામ આપ જ નક્કી કરી આપો ! ત્યારે હ. અલી અ.સ.એ કહ્યું કે " એ અખત્યાર તો માત્ર હ. નબી સાહબને જ છે.

ત્રણેક દિવસ પછી હ. નબી સાહેબ સ.અ.વ. જ્યારે બહારગામથી આવતાં નિયમ મુજબ જેમ સૌથી પહેલાં હ. ફાતેમાને મળવા આવતા, તેમ મળવા આવ્યા.



આવતાની સાથે જ આપે બચ્ચીને ગોદમાં ઉપાડી અને પછી ઘણીવાર સુધી આપ રોયા, તે પછી શેરે ખુદાએ અરજ કરી કે બાળકીનું નામ પાડી આપો ! હ. નબી સ.અ.વ. સાહેબે એમને ઝૈનબ નામ આપ્યું. અને પછી ફરમાવ્યું "આ બાળકી હ. ખદીજતુલ કુબ્રા જેવી છે.



E-mail : hadimasik@yahoo.com

**હ. ઝયનબ સ.અ.ની તરબિયત :** ભોગ અને કુરબાની, વિદ્વતા, સમજદારી, અડગતા અને ઠરેલતા, સચ્ચાઈ અને નિડરતા, નમ્રતા અને મહેમાનદારી, પરહેઝગારી અને ઈબાદત, અખ્લાક અને દયાભાવ, સાદગી અને પાકીઝગી આ તમામ સિફતો હ. ઝયનબ સ.અ.માં જ એકઠી થઈ હતી તે માત્ર એમના બુઝુર્ગોના ખુનની અસર હતી એટલું જ નહીં પણ તે વખતના વાતાવરણ અને સંગાથનો પ્રતાપ પણ હતો જે વાતાવરણમાં તેમની આંખો ઊઘાડી.

બાળપણ વિષેની એક વાત છે, જ્યારે ઈમામ હુસૈન અ.સ. છ વર્ષના હતા અને હ.ઝયનબ સ.અ. પાંચ વર્ષના હતાં ત્યારે આ બન્ને ભાઈ-બહેનોમાં કોઈ બાબત અંગે ઝગડો થઈ ગયો હતો. તે વખતે હ. સૈયદા સ.અ.એ તેમને કલામુલ્લાહની આયતોમાંથી એવી રીતે સમજ આપી હતી કે તમો બન્ને એ પરસ્પર ઝગડો કરીને અલ્લાહને નારાજ કર્યા છે, બંન્ને બાળકો આ સાંભળીને ડરી ગયા અને બન્નેએ એવો નિર્ણય કરી લીધો કે, હવે અમે કદી પણ પરસ્પર ઝગડો નહીં કરીએ ! અને આટલું સાંભળતા જ મમતાળુ માએ એ બન્ને બાળકોને છાતીસરસા ચાંપી લીધા.

**કરબલાની સફર :** ઝિલ્હજ હી. સન ૬ની એ આઠમી તારીખ હતી જે દિવસે ઈમામ હુસૈન અ.સ. આપના એહલેબૈત અ.સ. સાથે અને અનુયાયીઓ જેમની સંખ્યા લગભગ ૨૦૦ જેટલી હતી, મક્કાથી કુફા તરફ જવા માટે નિકળ્યા.

'રોઝે આશુરા'ની સવાર થઈ. એક પછી એક શહીદો દીને ઈસ્લામને ખાતર ખુશી-ખુશી જાન ન્યોછાવર કરવા લાગ્યા. હ. ઝયનબ સ.અ.એ પણ પોતાના ઔન -



મોહમ્મદ બન્ને પુત્રોને ઈસ્લામને બચાવવા કુરબાન કરી દીધાં. ઈમામ હુસૈન નાં શહીદ થયાં પછી હ. ઝયનબ સ.અ.ને તથા બાકી બચેલી ઔરતો તથા હ. ઝયનુલ આબેદીન અ.સ.ને કૈદ કરવામાં આવ્યા. કુફા અને શામ ફેરવવામાં આવ્યાં. ઔરતોનાં સરો પરથી ચાદર છીનવી લેવામાં આવી, બંદી બનાવવામાં આવ્યા. આટ-આટલી મુસીબતો સહન કરતાં પણ હ. ઝયનબ સ.અ.એ લોકોને ખુત્બો સંભળાવતા. હ. ઈમામ હુસૈન તથા તેમના સાથીદારોને વગર કારણે કત્લ કર્યા અને તેઓ ને કૈદ કર્યા જેવી હકીકતો હ. ઝયનબ સ.અ. લોકોને ખુત્બામાં સંભળાવતા હતાં. આપના પિતાના અવાજમાં ખુત્બામાં સંભળાવતા હતા. આપના પિતાનાં અવાજમાં ખુત્બો આપી લોકોને અન્યાયી, જુલ્મી, અત્યાચારી, પાપી, દુરાગ્રહી, દુષ્ટ અને અપમાનજનક યઝીદની ઓળખ આપતા હતા. દીને ઈસ્લામ બચાવવામાં તેમનો ફાળો ખૂબ જ મહત્વનો છે.

**આપની શહાદત :** કરબલાથી પાછા મદિના આવ્યા બાદ આપ ખાનદાનની ખાતુનોને સાથે લઈ મિસર ચાલ્યા ગયા હતા અને ત્યાંજ આપ ઈન્તેકાલ ફરમાવી ગયા.

**" ઈમામ ઝયનુલ આબેદીન "** "મારી ફુઈ ઝયનબ સ.અ. ઉપર કરબલામાં સેંકડો ઝુલ્મ થયા હતા. તેમ છતાં એવા કપરાં સમયમાં પણ ફૂઈએ કદી નમાઝે શબ છોડી ન હતી." (નમાઝે શબ અથવા નમાઝે તહજ્જુદ અર્ધી રાતથી લઈને સુબ્હની નમાઝની નાફેલા નમાઝના સમય સુધી પઢી શકાય છે.)



# જાણી જોઈને ગુનાહ કરવો

ખુદાવન્દે આલમ પોતાના આસ્માની પુસ્તક કુરઆને કરીમમાં ઈર્શાદ ફરમાવે છે કે :

“અને જે લોકો ખોટા (ગુનાહના) કામો કરે છે અને પોતે પોતાની જાત ઉપર જ અત્યાચાર કરે છે અને (તે પછી) તેઓ ખુદાને યાદ કરી પોતાના ગુનાહોની ક્ષમા યાચના કરે છે અને (એ પણ હકીકત છે કે) ખુદા સિવાય (બીજો) કોણ ગુનાહોને માફ કરી શકે છે ? અને જે કાંઈ (ગુનાહો) તેમણે કર્યા છે તે (ગુનાહોનું) તેઓ જાણી જોઈને (ફરી) પુનરાવર્તન નથી કરતા તો (ત્યારે) તેનો બદલો તેમના પરવરદિગાર તરફથી તેમની માફી (બખ્શિસ) છે અને એવા ઉપવનો છે જેમાં તેઓ હંમેશા હંમેશા રહેશે. અને જેમાંથી નદીઓ વહેતી હશે અને (આ રીતે) સદકાર્યો કરનારાઓ માટે સારો બદલો છે.”

હઝરત રસૂલે અકરમ સ.અ.વ. થી રિવાયત છે કે “નિર્દયતાની નિશાનીઓ પૈકી એક નિશાની જાણી જોઈને તથા વારંવાર ગુનાહ કરવા તે છે.”

હઝરત અલી અ.સ.એ ફરમાવ્યું છે કે ગુનાહોમાં સૌથી મોટો ગુનાહ એ છે કે જે ગુનાહ ને કરનારો તે ગુનાહ જાણી જોઈને વારંવાર કરે.

ઈમામ જાઅફરે સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે ખુદાના સમ! ખુદા પોતાના એવા બંદાની બંદગી (ઈતાઅત) સ્વીકારશે નહીં જે તેની આજ્ઞાઓના ઉલ્લંઘનમાંથી કોઈ આજ્ઞાનું ઉલ્લંઘન જાણી જોઈને અને વારંવાર કરતો હોય.





# શરમાળ સ્વભાવનું
# સ્લેન્ડર લોરિસ

તમે શરમાળ સ્વભાવના એક પ્રાણીને ઓળખો છો ? જેની મોટી મોટી આંખ છે અને કદ નાનકડું છે. યાદ આવ્યું કે નહીં ? એ પ્રાણીનું નામ છે **'સ્લેન્ડર લોરિસ'** હા દોસ્તો, આજે આપણે સ્લેન્ડર લોરિસ વિશેની ખાસ વાતો જાણીએ....

દક્ષિણ ભારત અને શ્રીલંકાના વર્ષાવનમાં જોવા મળતાં સ્લેન્ડર લોરિસ મોટા ભાગે ગીચ ઝાડીઓની શોધમાં રહે છે. તેની બીજી પ્રજાતિ દક્ષિણ એશિયામાં સહારામાં પણ જોવા મળે છે. ગીચ ઝાડીઓમાં તે દુશ્મનથી પોતાને બચાવી શકે છે, પણ હા, તેની એક મુશ્કેલી એ છે કે તે કૂદકો મારી શકતું નથી અને તમારામાંથી કેટલાક દોસ્તોની જેમ સ્લેન્ડર પણ શરમાળ સ્વભાવનું છે.

## દેખાવ

સ્લેન્ડર લોરિસના હાથ અને પગ પાતળા તેમજ લાંબા હોય છે. આંખ ભૂરી અને ગોળમટોળ હોય છે, તેનું નાક લાંબુ તેમજ પૂછડી સાવ ટૂંકી હોય છે. કાન ગોળ અને મોટા મોટા હોય છે. સૌથી નવાઈની વાત એ છે કે સ્લેન્ડર લોરિસની બધી આંગણીઓની લંબાઈ એકસરખી જ હોય છે, આ કારણથી જ તે ઝાડની ડાળી સરળતાથી પકડી શકે છે. તે જ્યારે સુઈ જાય છે ત્યારે પોતાનું શરીર દડાની જેમ ગોળ કરી દે છે.



લંબાઈ : ૭-૧૦ ઈંચ

વજન : ૮૫ ગ્રામ થી
૩.૫ કિ.ગ્રા.સુધી

આયુષ્ય :
લગભગ ૧૨ થી ૧૫ વર્ષ



**રહેણીકરણી :** વર્ષાવનમાં ઝાડની આસપાસ રહેવું તેને ગમે છે, અને હા, આપણા આ શહેજાદાને ચાલવું કે ફરવું બિલકુલ પસંદ નથી. તે અંદરોઅંદર તેના મિત્રો અને સગાં-સંબંધીઓ સાથે ખૂબ જ ધમાલ મસ્તી કરે છે.

**ભાવતું ભોજન :** કીડામકોડા, ઝાડનાં પાંદડાં, ફૂલ સ્લેન્ડર લોરિસને ભાવે છે, એ સિવાય કીડી તેનું ભાવતું ભોજન છે.

**ફેક્ટ ફાઈલ :** સ્લેન્ડર લોરિસ દિવસે ઝાડની ડાળી ઉપર ભરાઈ રહે છે અને સૂર્યનો પ્રકાશ મેળવીને આખો દિવસ પસાર કરે છે.

દક્ષિણ ભારતના રહેવાસીઓ એવું માને છે કે સ્લેન્ડર લોરિસના શરીરના દરેક ભાગમાં જાદુઈ તાકાત છે. કદાચ આ કારણથી પણ તેનો શિકાર કરવામાં આવે છે.

મોટા ભાગે તે જૂથમાં રહે છે.

માદા એક વખતમાં લગભગ બે બચ્ચાને જન્મ આપે છે.

હાલમાં સ્લેન્ડર લોરિસની પ્રજાતિ ખતરામાં છે એટલા માટે જ ભારત




# હઝરત અલી અ.સ.ની ન્યાય તોળવાની કાબેલીયત

એક દિવસ હઝરત અલી અ.સ. કોર્ટ (ન્યાયાલય) માં બેસીને ફેસલાઓ સંભળાવી રહ્યાં હતા. તે વખતે નવ વ્યક્તિઓ કોર્ટમાં એક છોકરીને લઈને આવ્યા, જે બધાના ચેહરા એકબીજાથી ખુબ જ મળતાં આવતા હતા, તેઓ પૈકી જે સૌથી મોટો હતો તેણે કહ્યું કે ''આ સ્ત્રી (છોકરી) કે જે આપની સમક્ષ ઉભેલી છે તે અમારી એક માત્ર બહેન છે અને તે અમને અમારા પ્રાણ કરતાં પણ વધારે પ્રિય છે અને તેના લગ્ન પણ ફક્ત એટલા માટે નથી કર્યા કે ક્યાંક એનો પતિ એની કદર ન કરે, તેને દુઃખ પહોંચાડે અને તેની સાથે ખરાબ વર્તન કરે. અમે અમારી બહેનને આ વાત જણાવી દીધી હતી અને તેની જરૂરિયાતો પૂરી થાય તે માટે પૈસાની વ્યવસ્થાની ખાત્રી આપી હતી અને એવી શરત કરી હતી કે અમે જે કાંઈ કમાઈશું તે ... તારા ચરણોમાં મુકી દઈશું પરંતુ તેણે આ પ્રતિજ્ઞા તોડી નાંખી છે અને તેનું પરિણામ દૃષ્ટિ સમક્ષ આવી ગયું છે કે તે સગર્ભા થઈ ગઈ છે અને અમારી આબરૂ-અમારા માન સમ્માનને તેણે માટીમાં ભેળવી દીધા છે અને


E-mail : hadimasik@yahoo.com



લોકોની સામે સમાજમાં અમારૂં માથુ શરમથી ઝુકાવી દીધુ છે. ભાઈઓમાંથી કેટલાંક તો તેને મારી નાંખવાના જ પક્ષમાં હતા પરંતુ મેં તેમને એવું કરતા અટકાવ્યા છે કે આ કેસને આપની સામે રજુ કરીએ. હવે આપ જ ફેસલો કરો કે અમારે શું કરવું જોઈએ.''

પેલી છોકરી તો રડતા-રડતાં પોતાની પવિત્રતાના સમ ખાતી હતી. હઝરત અલી અ.સ.એ ઈમામતની દષ્ટિએ જોઈ લીધું કે છોકરી નિર્દોષ છે. પરંતુ આપે આ બાબતનો ફેંસલો ચિકિત્સા પધ્ધતિથી કરવાનું વિચાર્યું અને એક દાયણને બોલાવવામાં આવી અને આજ્ઞા કરી કે આ છોકરીને લઈ જાવ - એક મોટા પાત્રમાં પાણી ભરો અને તે પાણીમાં ધોધમાં થાય છે તેવી એક પ્રકારની શેવાળ નાંખો - પછી તે પાત્રમાં આ છોકરીને બેસાડી દો - પછી જુઓ કે શું થાય છે અને જે કાંઈપણ પરિણામ આવે તે અહીંયા આવીને બતાવો.

થોડીવાર પછી દાયણ પાછી આવી અને જણાવ્યું કે ''પહેલા તો થોડુંક લોહી - પછી લોહી અને પાણી ભળેલુ હોય તેવી કોઈ વસ્તુ નીકળી અને તે પછી એક ખુબ જ મોટી જળો તેના પેટમાંથી નીકળી અને તે પછી તેનું પેટ કુદરતી અવસ્થામાં આવી ગયું.''



હઝરત અલી અ.સ.એ તકબીર (અલ્લાહો અકબર) પોકારી. લોકો પણ તકબીર પોકારવા લાગ્યા અને આશ્ચર્ય પમાડે તેવા આ રહસ્યોદ્ઘાટનથી ચકિત થઈ ગયા હતા, તે છોકરીના ભાઈઓ પ્રસન્નતાને કારણે ગાંડા -

ગાંડા થઈ ગયા હતા અને ખુશીના અતિરેકમાં હઝરત અલી અ.સ.ને ખુદા કહેવા લાગ્યા - હઝરત અલી અ.સ. એ તેમને આ બાબતમાં સખ્તાઈપૂર્વક મનાઈ ફરમાવી અને કહ્યું કે હવે જો તમે આ વાતનું પુનરોચ્ચારણ કરશો તો હું તમને તેની સજા કરીશ ને પછી હઝરત અલીએ ફરમાવ્યું કે ''આ એ જ્ઞાન છે જે રસુલે અકરમ સ.અ.વ. એ મને આપ્યું છે (અદાલતે કઝાઅ પા. ૨૯૩)''

આ પ્રસંગે એક બીજા પુસ્તકમાં આવી રીતે પણ વર્ણવવામાં આવેલ છે કેઃ

અબ્દુલ્લાહ નામનો એક વ્યક્તિ એક પુત્રીનો પિતા હતો અને તેને દસ પુત્રો પણ હતા બધા એહલેબૈત અ.સ.ને ચાહવાવાળાઓ હતા અને અહલેબૈત અ.સ. પ્રત્યેના પોતાના પ્રેમનો તેમને ગર્વ પણ હતો. તે છોકરી એક દિવસે નમાઝ માટે ગુસ્લ કરવા માટે પાણીમાં ઉતરી ને ક્યાંકથી એક મોટી જળો અથવા એવો જ કોઈ કીડો તેના ઉદરમાં ચાલ્યો ગયો અને જ્યારે તેનું પેટ વધવા લાગ્યું તો જ્ઞાતિવાળાઓએ મેણાં-ટોણાં મારવાનું શરૂ કર્યું. તે છોકરી પોતાની પવિત્રતાના સમ ખાતી હતી પરંતુ કોઈ તેની વાત સાંભળવા કે માનવા તૈયાર નહોતું. છેવટે તેના પિતા અને ભાઈઓએ તેના ગળામાં દોરડું બાંધીને તેને ઘરની બહાર કાઢી મુકી. તમાશાને તેડું ન હોય - લોકોની ભીડ એકત્ર થઈ ગઈ અને શોર બકોર કરવા લાગ્યા. તેના ભાઈઓ હાથમાં ખુલ્લી તલવારો લઈને તેને મારી નાંખવા તત્પર હતા. આ જોઈને તે છોકરીએ ખુદાવન્દે આલમની બારગાહમાં દુઆ કરી અને જનાબ મરીયમ અને હઝરત ફાતેમા ઝહરાની પવિત્રતાનો વાસ્તો આપ્યો અને છેવટે કુફાની દિશામાં મોઢું ફેરવીને ફરિયાદ કરવા લાગી ''યા મૌલા અદરિકની'' મારા માલિક અને મારા મૌલા-જલ્દીથી મારી મદદ માટે આવી પહોંચો કેમકે આપ જ મારી બીમારીના વૈધ છો અને હું આપની જ દર્દી છું અને આપની જ હોસ્પિટલમાંથી મને રોગ મુક્તિ (શિફા) મળી શકે છે.''




(વધુ આવતા અંકે)



E-mail : hadimasik@yahoo.com

# જાણવા જેવું



**વિમાન આકારની માછલી :** દરિયામાં વીસ હજાર કરતાં પણ વધુ રંગબેરંગી માછલી રહે છે. વળી, એ દરેકના આકાર જુદા જુદા હોય છે. કેટલીક માછલીનો આકાર એકદમ લીસો અને સપાટ હોય છે. તેથી તે પ્રકારની માછલી સરળતાથી પાણીમાં તરી શકે છે. આટલી બધી અવનવી માછલીમાં વિમાન જેવી દેખાતી માછલીની પ્રજાતિ સામાન્ય છે.



**ખાઉધરું પ્રાણી :** તમે ખાઉધરા પ્રાણી વિશે જાણો છો ? ઉત્તર અમેરિકામાં પોલીફેમસ કૂદાંની ઈયળને બહુ બધું જમવા જોઈએ છે. એટલા માટે તેને ખાઉધરી કહે છે. તે જન્મે ત્યારે પ્રથમ ૪૮ કલાકમાં જ ૮૬,૦૦૦ ગણું ભોજન કરે છે. તો જોઈને તમારી આ ખાઉધરી દોસ્ત !



**સમ્રાટ પેંગ્વિન :** સૌથી ઊંડા પાણીમાં જતું પક્ષી સમ્રાટ પેંગ્વિન છે. તમને જાણીને નવાઈ લાગશે કે તે પાણીમાં ૨૬૫ મીટર ઊંડે પહોંચી જાય છે. પેંગ્વિન દક્ષિણ ધ્રુવ ખંડનું પક્ષી છે. તે બરફમાં બખોલ બનાવે છે. ઊડી શકતું નથી. પેંગ્વિનમાં પણ જેન્તુ પેંગ્વિન સૌથી ઝડપથી તરનારું પક્ષી છે. તે કલાકના ૨૭.૪ કિ.મી.ની ઝડપ ધરાવે છે.



**સૌથી વધુ વપરાતું નાળિયેર :** ભારતમાં સૌથી વધારે વપરાતું ફળ નાળિયેર છે. તે સૌથી ઉપયોગી વૃક્ષ તથા ફળ છે. તેનાં મૂળ, થડ તેમજ પાન ઘર માટે ઉપયોગી થઈ શકે છે. સૂકા નાળિયેરની છાલના રેસાનો ઉપયોગ કાથી અને કાચલી તરીકે પણ થાય છે.

# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**અરશિયા શબીહ અબ્બાસ**
સરખેજ, અમદાવાદ.




**નકવી ઈલિયા બતુલ એસ.**
અમરેલી.



**અમ્માર ફિરોજ હરયાણી**



**દેવજાણી સાબીર, દેવજાણી અલીરઝા**
હાજી નાજી બોર્ડીંગ, ભાવનગર.



**દેવજાણી અલી રઝા રફીકભાઈ**

**મહેન્દ્ર નાગલપુર, તા. અંજાર, જી. કચ્છ.**



**બુખારી આસિફ એ., દેવજાણી અલીરઝા આર.**

**હાજી નાજી બોર્ડીંગ, માળી ટેકરો, ભાવનગર.**




**મોહમ્મદ અલી નાસીર હુસેન દેવજાણી**

**આંબાવાડી, ખુરસાણ પાર્ક, મહુવા.**



**મોમીન નદીમ હસનઅલી**

**ધોલકા.**

# એહલેબૈત અ.સ.
# અને વ્યાજમુક્ત ઉધાર
## (કર્ઝે હસનાહ)




જરૂરિયાતવાળા વ્યક્તિને કોઈ લાભ કે બદલા વગર ઉધાર આપવાને કર્ઝે હસ્નાહ કહેવામાં આવે છે અને આ કાર્યની ઈસ્લામમાં ઘણી મહત્વતા અને મહાનતા વર્ણવવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ કોઈપણ જરૂરિયાતવાળી અન્ય વ્યક્તિને કોઈપણ જાતના લાભ કે બદલાની ભાવના વગર ધન-પૈસો કે કોઈ વસ્તુ ઉધાર તરીકે આપે તો ખુબ મોટા પ્રમાણમાં અલ્લાહ તરફથી તેને બદલો અને સવાબનો અને તેના માન અને દરજ્જામાં વૃદ્ધિનો વાયદો કરવામાં આવેલ છે.

આ કર્ઝે હસ્નાહનો ઉલ્લેખ કુરઆને મજીદમાં લગભગ ૧૩ સ્થળોએ થયેલ છે અને ખુદાવન્દે આલમે બંદાઓએ પઢેલી નમાઝ-ઈબાદતો-ઝકાત અદા કરવી તેને પણ કર્ઝે હસ્નાહની ગણત્રીમાં લીધી છે અને કહ્યું છે “જો તમે લોકોને ઝકાત આપો છો તો તે ધન-પૈસો તમારા તરફથી તમારા પરવરદિગારને સર્વોત્તમ ઉધાર છે જે પરવરદિગાર પોતે અદા કરશે.”

માઅસૂમીન અ.સ.એ પણ આ કર્ઝે હસનાહ વિષે ઘણી વાતો આપણને મૌખિક રીતે અને પોતે પણ અમલ કરીને બતાવી છે અને ગરીબ અને જરૂરિયાતવાળા મોઅમેનીનની કર્ઝે હસનાહ વડે મદદ કરતાં રહેવાની તાકીદ પણ ફરમાવી છે. આ બાબતમાં ઘણી રિવાયતો અને પ્રસંગોનો ઉલ્લેખ થયેલો છે.

આપણા શીઆઓના અહકામોના મૂળભૂત પુસ્તક તરીકે જેની ગણના થાય છે તે “વસાએલુશ્શીઆ નામના ગ્રંથમાં આ કર્ઝે હસનાહ વિશે ૧૩૪ રિવાયતોનો ઉલ્લેખ છે.


E-mail : hadimasik@yahoo.com





દા.ત. હઝરત રસુલે અકરમ સ.અ.વ. ફરમાવે છે કે "જો કોઈ વ્યક્તિ પોતાના મુસલમાન ભાઈને (કાંઈ) ઉધાર (કર્ઝે હસનાહ) આપશે તો અલ્લાહ તેને ઓહદના પર્વત જેવા મોટા પર્વતો જેટલો સવાબ આપશે અને તે (પોતાનું ઉધાર) પરત લેવામાં નરમાશથી વર્તશે તો જેવી રીતે વિજળી ઝડપથી ચમકી જાય છે તેમ આંખના પલકારા જેવી ઝડપે તે પુલે સિરાતને પાર કરી જશે."

(વસાએલુશ્શીઆ, ભા. ૧૩, પા.નં. ૮૮)

તદ્ઉપરાંત એવી પણ રિવાયત છે કે ઉધાર (કર્ઝે હસનાહ) આપનારને સદકાનો સવાબ પણ આપવામાં આવે છે અને અલ્લાહ (તે સવાબને) ૭૦ ગણો વધારે કરી દે છે.

અને જે વ્યક્તિની પાસે ઉધાર આપવાની શક્તિ હોય તે છતાં તે પોતાના મોમિન ભાઈને ઉધાર આપવાનો ઈન્કાર કરે તે માટે રસૂલે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે "જે વ્યક્તિ પોતાના મુસલમાન ભાઈને તે ઉધાર આપવા શક્તિમાન હોવા છતાં ઉધાર આપવા અંગે ઈન્કાર કરે તો ખુદાવન્દે આલમ તે વ્યક્તિ માટે જન્નતની ખુશબુ પણ હરામ કરી દે છે. (બિહાર-ભા-૧૦૩, પાન નં. ૧૩૮)

## આ અંગેનો અમલી નમૂનો :-

એક વખત એક જરૂરિયાતવાળો વ્યક્તિ ઈમામ હુસૈન અ.સ.ની સેવામાં હાજર થયો અને આપને કાંઈ કહેવા માંગતો હતો. ઈમામ અ.સ. એ તેની જરૂરિયાતને તરત જ જાણી લીધી અને ફરમાવ્યું કે "હે અન્સારી ભાઈ ! તમે





પોતાના મોઢા ઉપર અપમાનિત થવાના ચિન્હો દેખાય તેવું કાંઈ કરશો નહીં. ફક્ત પોતાની જરૂરિયાત મને લખીને (ખાનગીમાં - કોઈ જાણે નહીં તે રીતે) આપી દો - હું ઈન્શાઅલ્લાહ તમને ખુશ કરવાનો પ્રયત્ન કરીશ." તે પછી તે અન્સારી વ્યક્તિએ લખીને આપ્યું કે ફલાણાં વ્યક્તિ પાસેથી મેં ૫૦૦ દિનાર ઉધાર લીધા છે આપ અ.સ. પધારો અને તે વ્યક્તિને એવી ભલામણ કરી આપો કે તે મને ઉધાર પરત ચુકવવાની બાબતમાં થોડીક વધુ મુદ્દત આપે."

આપ અ.સ. ઘરમાં ગયા અને એક થેલો લઈને આવ્યા જેમાં ૧૦૦૦ દિનાર હતા. તે થેલો પેલા અન્સારીભાઈને આપીને કહ્યું કે આમાંથી ૫૦૦ દિનાર લઈને તમે તમારું ઉધાર ચુકવી દેજો અને બાકીના ૫૦૦ દિનારથી પોતાનો ખર્ચ ચલાવજો.

અને આગળ ફરમાવ્યું કે "પોતાની જરૂરિયાત ફક્ત ત્રણ પ્રકારના વ્યક્તિઓ સમક્ષ મુકો - ધાર્મિક વૃત્તિ ધરાવતો વ્યક્તિ - શૂરવીર (જવાંમર્દ) વ્યક્તિ અને નેક ચારિત્ર ધરાવતો વ્યક્તિ, કેમકે ધાર્મિક વૃત્તિ ધરાવનાર વ્યક્તિ પોતાની ધર્મની ભાવનાને કારણે તમારૂં માન જાળવશે. (તમને અપમાનિત નહીં કરે) શૂરવીર વ્યક્તિ પોતાની શૂરવીરતાની લાજ રાખવા માટે તમને નિરાશ નહીં કરે અને નેક ચારિત્ર ધરાવતા વ્યક્તિનું સદ્ચારિત્ર તેને તમને ખાલી હાથે પાછા ફેરવવાથી રોકી લેશે કેમકે તે જાણે છે કે તમે પોતાનું અપમાન થાય તેવું તો પસંદ નહીં જ કરો. (તોહફુલ ઉકૂલ પા.નં. ૨૮૧)"



E-mail : hadimasik@yahoo.com

# જુઓ અને સમજો



મજેદાર સવારી !!!



શિકારકા ઈન્તેજાર !!!



ભયાનક યુધ્ધ !!!



અમેરિકન હુકુમતનો જુલ્મ !!!

E-mail : hadimasik@yahoo.com



# શાઅબાન માસના કેટલાક સંયુકત આઅમાલ

## સદકો આપવો

સદકો આપવો પછી ભલે તે સદકો અડધી ખજુર જેટલો પણ કેમ ન હોય. ઇમામ જાઅફરે સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે સદકો અને ઇસ્તગફાર - જો કોઇ વ્યક્તિ શાઅબાન માસમાં સદકો આપે તો ખુદા તેના સદકામાં એવી રીતે વૃદ્ધિ કરે છે જેવી રીતે તમે ઊંટણીના એક નાના બોતડાને પાળીને એક કદાવર ઉંટ બનાવી દો છો તેથી આ સદકો કયામતના દિવસે ઓહદ પર્વત જેટલો વિશાળ થઇ ગયો હશે.

## બે રકઅત નમાઝ

શાઅબાન માસમાં દરેક ગુરૂવારે બે રકઅત નમાઝ એવી રીતે પઢવામાં આવે કે તેની દરેક રકઅતમાં સૂરએ હમદ્ પછી ૧૦૦ વખત સૂરએ તવહીદ (સૂરએ-ઇખ્લાસ-સૂરએ કુલહોવલ્લાહો અહદ) પઢે અને નમાઝ પછી સો વખત દુરૂદ પઢે. જેથી કરીને ખુદા તબારક-વ-તઆલા દીન અને દુન્યામાં તેની દરેક નેક હાજત પુરી ફરમાવશે.

## રોજો રાખવો

શાઅબાનના રોજાનો એક જુદો જ સવાબ છે અને રિવાયતમાં આવ્યું છે કે શાઅબાન માસના દરેક ગુરૂવારે આકાશ શણગારવામાં આવે છે ત્યારે ફરિશ્તાઓ અર્ઝ કરે છે કે યા અલ્લાહ ! આજના દિવસનો રોજો રાખનારને બખ્શી દે અને તેની તમામ દુઆઓ કબૂલ ફરમાવ.

## દુઆ પઢવી

દરરોજ ૭૦ વખત આ દુઆ પઢવી જોઇએ.

અસ્તગફેરૂલ્લહા - વ - અસ્અલ હુત્તવબા -

"અલ્લાહ પાસે બખ્શિશ માંગુ છું અને તૌબાની તવફીક માંગું છું."





E-mail : hadimasik@yahoo.com

# શાઅબાન માસની વિલાદતો



**૩ - શાબાન :**

વિલાદત હઝરત ઈમામ હુસૈન અ.સ.
સન ૪ હિજરી

**૪ - શાબાન :**

વિલાદત હઝરત અબ્બાસ અ.સ.
સન ૨૬ હિજરી





**૧૫ - શાબાન :**

વિલાદત હઝરત ઈમામ મેહદી અ.સ.
સન ૨૬૦ હિજરી

વ્હાલા બાળકો, નવયુવાનો તથા તમામ હાદી માસિકના મેમ્બરો અને મુસલમાન ભાઈ-બહેનો ને "હાદી" પરિવાર તરફથી **શાઅબાન માસની વિલાદતો અને શબેબરાતની મુબારકબાદ** પાઠવીએ છીએ !!!

# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**ખેરાજ મહેંદી હસન એસ.**
ગુલશન ફલેટ, બાકરઅલીની પોળ, કાલુપુર, અમદાવાદ.



**ખેરાજ સકીના ફાતેમા જે.**
ગુલશન ફલેટ, બાકરઅલીની પોળ, કાલુપુર, અમદાવાદ.



**દાણાવાલા ફહિમા હુસેન**
૧૫, ફિરદોસ સોસા. ભરૂચ.



**દાણાવાલા ફાતેમા સોહિલ હુસેન**
૧૫, ફિરદોસ સોસા. ભરૂચ.



E-mail : hadimasik@yahoo.com

# આશાનું કિરણ



હઝરત ઇમામ મહદી (અ.સ.)ની મહાન ઝાત અને આપના શાસનની સ્થાપના તે અત્યાચાર પિડીતો માટે એક ઘણું મોટું આશાનું કિરણ અને સહારો છે કે જેઓ આજે પણ અત્યાચાર અને અન્યાયની વિરૂધ્ધ સંઘર્ષ કરી રહ્યાં છે જેથી કરીને આપના ઝહૂર (પ્રાગટય) માટે જલ્દીથી જલ્દી અને સારામાં સારો માર્ગ પ્રશિસ્થ થઇ જાય. ખુદાવન્દે આલમે પણ આ બાબત પ્રત્યે અંગૂલી નિર્દેષ કરતા સૂરએ કસસની આયત ૫ માં ફરમાવ્યું છે કે ''અને અમે એવું ઇચ્છીએ છીએ કે જે લોકોને પૃથ્વી ઉપર (અત્યાચાર અને અન્યાય વડે) કમજોર કરી નાંખવામાં આવ્યાં છે તેમના ઉપર કૃપા કરીએ અને લોકોના આગેવાન બનાવીએ અને આ પૃથ્વીનો વારસ બનાવીએ ''


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.




**HADI MASIK**

**Publishers : Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079-25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com** **Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*